**Extra No. 339**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] THURSDAY, DECEMBER 11, 2025 / AGRAHAYANA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૭મી જુલાઇ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૨૧૮ યુડીયુએચડી/એનપીએલ/એમપીએમએલએ/૧૮/૨૦૨૩/૯૦૭૮/એમ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Municipalities Act, 1963.**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૦૭મી જુલાઈ, ૨૦૨૫.

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૨૧૮ યુડીયુએચડી/એનપીએલ/એમપીએમએલએ/૧૮/૨૦૨૩/૯૦૭૮/એમ:** ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪-ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬-ની પેટા-કલમ (૩)નો ખંડ (ગ), ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (૨૦૨૩ના ગુજરાતના ૧૭મા)થી સુધારવામાં આવ્યો છે, જેથી કરીને પછાત વર્ગોની વ્યક્તિઓ માટે બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ (૨૭) ટકાના પ્રમાણમાં અનામત માટે જોગવાઈ કરી શકાય;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના તારાપુર નગરપાલિકાના વિસ્તારની વસતીના આંકડા અનુસાર તેમજ અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડની સંખ્યા અને કાઉન્સિલરની બેઠકો તેમજ અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭-ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩)-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) તારાપુર નગરપાલિકાના વિસ્તારો, છ (૬) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ચોવીસ (૨૪) કાઉન્સિલરની બનશે;

(૨) કાઉન્સિલરની ચોવીસ (૨૪) બેઠકોમાંથી-

(૧) એક (૧) બેઠક, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે;

(૨) છ (૬) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ત્રણ (૩) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) બાર (૧૨) બેઠકો, સ્ત્રીઓ (ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી, આ જાહેરનામાના આરંભ પહેલાં, તારાપુર નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરવામાં આવેલા કોઈ કૃત્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનીષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

---



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.12.19 08:42:35 IST